ઉત્થાન
Utthan

# લોકસંચલન

લોકસંગઠન દ્વારા ગ્રામવિકાસના કાર્યોને વાચા આપતું ત્રિમાસિક મુખપત્ર.

વર્ષ : ૬ અંક-૩ જુલાઇ - સપ્ટેમ્બર ૨૦૦૭ ફક્ત અંગત વિતરણ માટે

## "મારા બહેનો આ છે મારી સાચી હકીકત"

હું બાલુબેન ભૂપતભાઇ ડાભી, ઘોઘા તાલુકાના નેસવડ ગામની વતની છું, જ્યારે મારા લગ્ન થયા ત્યારે મેં વિચાર્યું પણ નહોતું તેવું આજે મારું જીવન બદલી રહ્યું છે. જે પરથી ખરેખર મને એવું લાગે છે કે જીવનમાં કંઇ જ કરવું કે બનવું અશક્ય નથી. જુઓ ને હું તો એકેય ચોપડી ભણેલી નથી અને તેમ છતાં આજે હું મારા પગભર છું એના કારણો કંઇક આવાં છે.....

આજથી ૧૨ વર્ષ પહેલાં 'ઉત્થાન' સંસ્થાના કાર્યકર્તાએ અમારા ગામમાં આવી સૌ પ્રથમ પાણી, આરોગ્ય વગેરે જેવાં સ્થાનિક મુદ્દાઓને લઇને કામની શરૂઆત કરી પણ ગામના કોઇ બહેનો બહાર નીકળતા નહીં.

ગામમાં બહેનોનું એક બચતમંડળ ચાલતું. આ મંડળમાં વરસે દહાડે જે કંઇ રકમ એકઠી થતી તે અમે ધાર્મિક કામોમાં વાપરી નાખતાં. પણ ઉત્થાનના આ ભાઇઓ અને બહેનોએ અમને સાચી સમજ આપતાં અમે આ મહામહેનતે બચાવેલી રકમ અમારા જરુરી કામો માટે વાપરતા થયાં.

આવી ઉપયોગી માહિતી મળતાં ધીમે ધીમે મારા વિચારોમાં ફેર આવવા લાગ્યો ને મને પણ કંઇક કરવાની ઇચ્છા થવા લાગી આથી જ્યારે જ્યારે પણ ગામમાં મીટીંગ રાખવામાં આવતી ત્યારે ત્યારે હું તેમાં જરુરથી જતી અને બીજા બહેનોને પણ તેમાં લઇ જતી. ક્યારેક તો મારા ઘરનું, ખેતીનું કામ, અને કુટુંબના રીતરિવાજોને સાચવીને પણ હું અચૂક ભાવનગર ખાતે રાખેલી મીટીંગમાં જતી. એક વખત એવું બન્યું કે મારા ગામના લોકોએ મારા પતિને કાન ભંભેરણી કરતાં મારા પતિએ મને સાફ સાફ કહી દીધું કે, "તારે હવે ક્યાંય ઘરની બહાર જવાનું નથી ને મીટીંગોમાં તો નહીં જ." આવા સમયે મારામાં એ સમજ ઊભી થઇ કે, જેટલો ભાઇઓને બહાર નીકળવાનો હરવા, ફરવાનો અધિકાર છે તેટલો જ મારો પણ છે તો મેં પણ મારા પતિનું બહાર નિકળવાનુ બંધ કરી દીધું અને કહી દીધું કે જ્યાં સુધી તમે મને બહાર નીકળવા નહીં દો ત્યાં સુધી હું પણ તમને ક્યાંય બહાર જવા નહીં દઉં, આવું એક અઠવાડિયું ચાલતાં તેમને થયું કે આ તો ખોટું કહેવાય! ને ત્યારપછીથી તેમણે મને બહાર નીકળવાની મંજૂરી આપતાં મેં પણ તમેને બહાર જવા દીધા, તે દિવસથી આજ દિન સુધી મને ઘરની બહાર નીકળવામાં કોઇ પ્રકારની મુશ્કેલી નડી નથી. હવે તો મારા પતિ સામેથી મને બહાર જવા માટે કહે છે ને સાથ સહકાર પણ આપે છે.

એક બીજું પણ મને સતત થયા કરતું કે મારે ભણવું હતું પણ હું ભણી ના શકી. પણ રાતના સમયે મારા ઘરે મેં મારી દીકરી પાસે ભણવાની અને સહી કરતાં શીખવાની શરૂઆત કરી દીધી ને સમય જતા મને સહી કરતાં આવડી ગઇ. આ પછી જે કંઇ બહારની મીટીંગમાંથી વાંચવા, શીખવા માટે કાગળીયા આપતાં તે વાંચવાનો પ્રયત્ન કરતાં વાંચતાં શીખતાં મને વાર લાગી પણ તે આવડ્યું ખરું. અત્યારે હું જે જે બહેનો પર અત્યાચાર થાય છે તેમને તેમનો અધિકાર અપાવવાનું કામ કરું છું, હવે હું પોલીસ સ્ટેશન, કોર્ટ કે કોઇપણ સરકારી ઓફિસના અધિકારી સામે બોલતાં અચકાતી નથી કે નથી મને તેમનો ડર લાગતો, અને હા! એક વાત તો કહેવાની રહી જ ગઇ! હું હમણાં બેન્કમાં ખાતુ ખોલાવવા ગઇ તો મારી પાસે રેશનકાર્ડની ઝેરોક્ષ નહોતી ને બેન્કના સાહેબે તે મંગાવી, તો તરત જ મેં થેલામાંથી મોબાઇલ કાઢીને મારા દીકરાને ફોન કર્યો. આ જોઇને બેન્કના બધા જ સાહેબો આશ્ચર્યમાં મૂકાઇ ગયાં ને મારી સામે જોવા લાગ્યાં. તેમણે મને પુછ્યું કે તમે શું કરો છો? મેં મારા કામ વિશે વાત કરતાં સાહેબો ખુશ થઇ કહેવા લાગ્યાં કે ખરેખર બીજા બહેનોએ પણ તમારા જેવા બનવાની જરૂર છે. આવા બનાવો તો જીવનમાં ઘણા બન્યાં છે હવે મારા ગામમાં પણ હું મોબાઇલ પર વાત કરવાથી ડરતી નથી. આથી ગામ લોકો પહેલાં તો મને ઘણું બધું સંભળાવતાં પણ મેં તેમની કોઇ વાત મગજ પર લેતી નહીં, આજે હું મારા કુટુંબમાં પણ મારું સ્થાન મેળવી શકી છું, હું ભલે ભણી નથી પણ આજે ગામના શિક્ષકો મને કન્યાકેળવણીના કાર્યક્રમોમાં મને બોલાવે છે,

આમ હું મારા જીવનમાં ઘણું બધું કરી શકી છું તેનો મને ખૂબ જ આનંદ છે, એટલે જ મારા જેવા બીજા બહેનોને કહેવા માંગુ છું કે મારા આટલા અનુભવમાંથી ગમે તેવા અઘરા કામ, અઘરી મુસીબતમાંથી પણ રસ્તો જરૂર મળે છે. તો ચાલો કરીએ તેની શરૂઆત....

લી. બાલુબેન. બી. ડાભી
સભ્ય, ન્યાય સમિતિ.
ગામ : નેસવડ. તા. ઘોઘા.




### ✪ પ્રતિભાવો :

- લોકસંચલનના અદ્ભૂત પ્રયાસ માટે લોકસંચલન ટીમ અને પી. એલ. સી. વોટસન ટીમને હાર્દિક શુભેચ્છા.

નફીસાબહેન બારોટ

- લોક સંચલનના વખતો વખતના અંકમાં ગુણવત્તા અને કાર્ય વધારે સારૂ થતું જાય છે અને ગયા અંકમાં જે જુદી-જુદી વેબસાઇટની માહિતી આપવામાં આવી હતી તે ખૂબ જ ઉપયોગી હતી.

લક્ષ્મણભાઇ અને જિજ્ઞેશભાઇ
પી. એલ. સી. દરિયાઇ , મહુવા.

### ✪ વાચક મિત્રોને વિનંતી :

"લોકસંચલન" માં આપના પ્રતિભાવો અને લેખ અવશ્ય મોકલાવવા વિનંતી.

## ઈકો સેનીટેશન

દરેક ઘરમાં શૌચાલય હોવું ખુબ જરૂરી છે. શૌચાલયથી સ્વચ્છતા તથા આરોગ્ય જળવાઇ રહે છે.વળી, શૌચાલય ન હોય તો બહેનો, બિમાર વ્યક્તિઓ, બાળકો તથા વૃધ્ધોને વહેલી સવારે અથવા મોડી રાત્રે તે માટે બહાર ખુલ્લામાં જવું પડે છે, આપણા ઘર આંગણે એક શૌચાલય બનાવીને આ બધા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય છે. પરંતુ ઘણા વિસ્તારોની ભૌગોલિક પરિસ્થિતિ આ માટે પ્રતિકૂળ હોય જેમ કે,

- જમીનના નીચેના સ્તરમાં સખત પથ્થર (હાર્ડ રોક) હોય તો ખાડા માટેનું ખોદાણ કરી શકાય નહીં.
- ભુગર્ભ જળની સપાટી ઊંચી રહેતી હોય ને સંડાસનો ખાડો ઝડપથી તથા વારંવાર ભરા જતો હોય.
- શૌચાલયોમાં પાણીની જરૂરિયાત હોય પરંતુ પોતાના વિસ્તારમાં પાણીની તંગી હોય.

જ્યાં સામાન્ય પ્રકારના શૌચાલયો બનાવી શકાય તેમ ન હોય ત્યાં શું કરવું ? શું ભૌગોલિક પરિસ્થિતિ અનુકૂળ ન હોય તો શૌચાલયો ન બનાવવાં ? આવા વિસ્તારોના લોકો શૌચાલયોનો ઉપયોગ કરી શકે તેથી પરિસ્થિતિને અનુકૂળ આવે તથા સાથે સાથે પર્યાવરણને પણ નુકસાન ન થાય તેવી શૌચાલયના બાંધકામની ડિઝાઇન ઇકો સેનીટેશન ધરાવે છે.

ઇકો સેનીટેશન એટલે ઇકો ફ્રેન્ડલી સેનીટેશન. જેને પર્યાવરણ સ્નેહી શૌચાલય પણ કહેવામાં આવે છે. જે બીજા પ્રકારના શૌચાલયો કરતાં અલગ પ્રકારનું છે. વર્ષો પહેલાંની પ્રણાલીની જો વાત કરીએ તો માનવ મળમૂત્રનો ઉપયોગ ખાતર તરીકે થતો હતો તેનાથી સારા પાક ઉત્પાદનો પહેલાં લેવાતા હતા. હાલમાં ભારતના ઘણા બધા રાજ્યોમાં આ ઇકો સેનીટેશનનો ઉપયોગ કરી માનવ મળમૂત્રનો ઉપયોગ ખાતર તરીકે કરવામાં આવે છે.આથી, ઉપર બાતાવ્યા મુજબની કોઇપણ જગ્યાએ, કોઇ પણ વ્યક્તિ આ પ્રકારનું શૌચાલય બનાવી શકે છે.




આ પ્રકારનું પહેલુ સંડાસ મહુવા તાલુકાના અખતરીયા ગામે ધનીબહેન મનસુખભાઇ ના ઘેર નિદર્શન રૂપે બનાવ્યું છે.જે બીજા લોકોને પ્રેરણાદાયી અને અપનાવવા જેવું છે.

ઇકો સેનિટેશનનું બાંધકામ સામાન્ય શૌચાલય કરતાં થોડું અલગ છે. સામાન્ય શૌચાલયોમાં મળમૂત્રના નિકાલ માટે જમીન સ્તરથી નીચે ખાડા બનાવેલા હોય છે જેમાંથી મળમૂત્રનું પ્રવાહી જમીન મારફતે ભુગર્ભ જળમાં ભળે છે. પરંતુ ઇકો સેનિટેશન આ મળમૂત્રને જમીનમાં ભળવા દેતું નથી આમાં જમીનની ઉપરના ભાગમાં ઇટનું બાંધકામ કરવામાં આવે છે તથા મળ અને મૂત્રના નિકાલની અલગ અલગ વ્યવસ્થા હોય છે. આ માટે જમીનની ઉપરના બાંધકામ તથા શૌચાલયમાં વપરાતી કુકડી અલગ પ્રકારની હોય છે. જેના દ્વારા મળ તથા પ્રવાહી અલગ પડી જાય છે. ઘનમળ સેનિટેશનના નીચેના ભાગે બનાવેલ ખાડામાં સંગ્રહિત થાય છે. આ સંગ્રહિત થયેલો મળ રાખની મદદથી સડીને ખાતર બને છે. જ્યારે પ્રવાહી મળ અલગથી બહાર જાય છે તેનો સંગ્રહ કરવા માટે પ્લાસ્ટીકના કેન, ઢાંકેલી ડોલ વગેરેનો ઉપયોગ કરી શકાય છે. આ પ્રવાહીનો છંટકાવ તરીકે ઉપયોગ કરવા માટે ૧ ભાગ પ્રવાહી સામે ૧૦ ભાગ પાણી (૧:૧૦) ભેળવવામાં આવે છે.

આ પ્રકારનું સેનીટેશન જમીન સ્તરથી ઉપરના ભાગ પર બનાવવામાં આવે છે જેથી કરીને જમીનમાં પાણી / મળ શોષાવાનો પ્રશ્ન જ રહેતો નથી. જમીનના લેવલ / સ્તર કરતાં ઉપરના ભાગમાં એક પીટ ઇટ દ્વારા ચણવામાં આવે છે. પીટની વચ્ચેના પડદીથી પીટને બે ભાગમાં વહેંચવામાં આવે છે. પીટની ઉપરનું બાંધકામ સામાન્ય શૌચાલય જેવું જ હોય છે. પીટમાં મૂકાયેલા કુકડા / મરઘા દ્વારા મળ પીટમાં જાય તથા પ્રવાહી મળ અલગ રીતે બહાર એકત્ર કરાય છે. આ પીટમાંથી એક પીટ ભરાયા બાદ બીજા પીટનો ઉપયોગ કરવામાં આવે છે. જે દરમિયાન પહેલા પીટમાંના મળમાં સડો થઇ મળનું ખાતરમાં રૂપાંતર થાય છે. ખાતરને પીટમાંથી બહાર કાઢવા માટે પડદીની બંને બાજુ ઢાંકણ મૂકેલ હોય છે.બંને પીટમાં હવા નિકાલ માટે વેન્ટીલેટર પાઇપ મૂકવામાં આવે છે. જે મળનું ખાતરમાં રૂપાંતર કરવામાં મદદરૂપ થાય છે તથા શૌચાલયમાં દુર્ગંધ પણ આવતી નથી.

ઇકો સેનીટેશનની નિભાવણીમાં સમયાંતરે પીટને સાફ કરવું, શૌચાલયના ઉપયોગ બાદ રાખનો ઉપયોગ કરવો જેથી ઘનમળની સડામાં ઝડપથી રૂપાંતર થાય તથા પ્રવાહી સંગ્રહ કરવાના વાસણને સમયાંતરે ખાલી કરવું.આમ આ શૌચાલયની નિભાવણી અને મરામતની પ્રક્રિયા ખુબ જ સરળ છે.

ઇકો સેનીટેશનની નિભાવણીમાં સમયાંતરે પીટને સાફ કરવું, શૌચાલયના ઉપયોગ બાદ રાખનો ઉપયોગ કરવો જેથી ઘનમળની સડામાં ઝડપથી રૂપાંતર થાય તથા પ્રવાહી સંગ્રહ કરવાના વાસણને સમયાંતરે ખાલી કરવું.આમ આ શૌચાલયની નિભાવણી અને મરામતની પ્રક્રિયા ખુબ જ સરળ છે.

ઘણા વિસ્તારોમાં આ અંગેની માન્યતાઓ હોય છે કે આ પ્રકારના શૌચાલયમાંથી વાસ ( દુર્ગંધ ) આવે છે તથા પીટ સાફ કેવી રીતે કરવું ? આમ આ શૌચાલયના ઘણા ફાયદાઓ હોવા છતાં લોકોની માન્યતાઓના આધારે લોકો તેને સ્વીકારવામાં આનાકાની કરે છે. પરંતુ જે લોકોએ આ પ્રકારના શૌચાલયો અપનાવ્યાં છે તે લોકો ખુબ જ સરળતાથી અને સહજતાથી આ શૌચાલયનો ઉપયોગ કરે છે અને નિયમિત રીતે પીટ પણ સાફ કરે છે ,પીટમાંથી મળતા ખાતરનો ઉપયોગ પણ કરે છે અને જો ખાતર વધારે હોય તો તેને કિલોગ્રામના ભાવે ખેડુતોને વેચે પણ છે. તે જીલોકો આ પ્રકારના શૌચાલયથી ખુબ જ ખુશ છે.

– હિતેનભાઇ જાની

## મારે ગામડે ગામડે જાવું છે....

મારે ગામડે ગામડે જાવું છે
મારે કામ બેનોના કરવાં છે ......મારે

મારે કુડા ગામમાં જાવું છે,
મારે લાડુબેનને મળવું છે,
મારે હક્ક બેનોને અપાવવો છે......મારે

મારે ગલીએ ગલીએ જાવું છે
મારે મંડળની બહેનોને મળવું છે
મારે બચત કરતા શીખવવી છે......મારે

મારે શેરીએ શેરીએ જાવું છે,
મારે નાની મોટી બેનોને મળવું છે,
મારે ન્યાય બેનોને અપાવવો છે......મારે

મારે અભણ બેનોને મળવું છે,
મારે બેનોને બોલતી કરવી છે......મારે

લી.બાલુબેન બી ડાભી
ગામ:નેસવડ તા.ઘોઘા

ગયા અંકના કોઠાનો જવાબ :

૧.શાહજી, ૨.બાબુ જગજીવનરામ, ૩.ભીમરાવ આંબેડકર, ૪.સુભાષબાબુ, ૫.નહેરુ, ૬.મદનમોહન માલવિયા, ૭.કૃપલાની, ૮.રાધાકૃષ્ણ, ૯.વિનોબા, ૧૦.પાલ, ૧૧.લાલ, ૧૨.લાલ, ૧૩.રામપ્રસાદ, ૧૪.રાજેન્દ્ર, ૧૫.રાજેન્દ્ર બાહિડા, ૧૬.આઝાદ, ૧૭.પ્રફુલ્લ ચાકી, ૧૮.સુખદેવ, ૧૯.રાજીવ, ૨૦.ગોપાલકૃષ્ણ ગોખલે, ૨૧.ગાંધી, ૨૨.સરદાર.

## પ્રાકૃતિક અને સામાજિક લિંગ

સમાજ : મારી વાત માનો ,સ્ત્રી અને પુરુષ સાવ અલગ – અલગ જ હોય છે.શું પુરુષ બાળકને જન્મ આપી શકે કે સ્તનપાન કરાવી શકે ?

કર્મશીલ : જીવ વિજ્ઞાનના આધારે સ્ત્રી અને પુરુષ સાવ અલગ – અલગ હોય છે તેવી માન્યતા વર્ષોથી આપણા સમાજમાં એટલે કે મારા અને તમારા મનમાં ઘર કરી ગઇ છે. ખરેખર તો સ્ત્રી અને પુરુષ વચ્ચે કુદરતે તો એકદમ નજીવો તફાવત રાખ્યો છે. આવા નજીવા શારીરિક ફેરફારને પ્રાકૃતિક લિંગ કહેવાય. આ સિવાયના સમાજે ઊભા કરેલા સ્ત્રી અને પુરુષ વચ્ચેના અન્ય તફાવતોને સામાજિક લિંગ કહેવાય.

સમાજ : બરાબર! તમારી વાત થોડી ઘણી હવે મને સમજાય છે. સ્ત્રીઓ પણ પુરુષોની જેમ ખેતીકામ તો કરે જ છે ને! અમારા ગામના મગનભાઇ બહુ જ સરસ રસોઇ બનાવે છે પણ અમે બધા તેમની મઝાક ઉડાવીએ છીએ કે પુરુષે તે કંઇ રસોઇ બનાવાય? પણ હવે સમજાયું કે સ્ત્રી અને પુરુષ વચ્ચેના આવા તફાવતો તો સમાજે ઊભા કર્યા છે , નહીં કે કુદરતે !

કર્મશીલ : સમાજ સ્ત્રી અને પુરુષ માટેની જુદી જુદી ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરે છે. તે પ્રમાણે તેઓ જીવનભર જીવે છે. સમાજીકરણની આ પ્રક્રિયાથી બંનેના માનવ અધિકારો પર વિપરીત અસર પડે છે

સમાજ : જેઓ સમાજે બનાવેલી આવી ભૂમિકા અને જવાબદારીઓથી અલગ રીતે વર્તે તેઓ સમાજના વિવિધ આક્ષેપોનો ભોગ બને છે.

કર્મશીલ : સમજવાની જરુર એ પણ છે કે આ પ્રક્રિયામાં સ્ત્રીઓને વધારે વેઠવું પડે છે કારણ કે સમાજના નિયમો બનાવવાના માળખામાં પુરુષોનું વર્ચસ્વ વધુ હોય છે.

સમાજ : હવે સમજાયું કે સ્ત્રીઓ સાથે શાથી આટલા ભેદભાવ રખાય છે ? પણ હવે આપણે આપણી માનસિકતાને બદલીશું જ કારણ કે, માણસ તરીકે તો સ્ત્રી અને પુરુષ બંને સરખા જ છે.

**નીચેનો નક્શો પ્રાકૃતિક અને સામાજિક લિંગ અંગેની સમજ આપે છે.**




પલ્લવીબહેન
ઉત્થાન અમદાવાદ.

## ★પાણીની સંસ્કૃતિ★

"અસ્તિત્વ બોધ" નામના પુસ્તકમાં આપણા ભારત દેશની પાણીની સંસ્કૃતિ વિશે ખૂબ સરસ લખવામાં આવ્યુ છે કે "નદી ગાતી હે" પરંતુ આજે આપણે કહી શકીએ કે "નદી રોતી હે" એ અત્યારની સાચી ને વરવી હકીકત છે કારણ કે પહેલાંના સમયમાં માનવી, તળાવની દેવતાની જેમ પૂજા કરતો અને તેનું રખોપું કરતો. વરસાદ પડે તળાવ છલકાય એટલે ગામના આગેવાન, દરબાર–મુખી તળાવને વધાવે,પૂજા કરે એવી પરંપરા હતી ગામ આખું તળાવની પાર ઉપર ઉમટી પડે ને તળાવના વિવાહ પણ કરવામાં આવતાં અને બંગાળમાં તો ઘરની આસપાસ નાની તલાવડીઓ રાખવાનો રિવાજ અમલમાં હતો.

ગુજરાતમાં સોલંકીકાળ દરમ્યાન સારી એવી સંખ્યામાં જળાશયો,તળાવ અને વાવ બાંધવામાં આવ્યાં હતાં પણ હાલના સમયમાં આપણે બધા જાણીએ છીએ કે આજે આ બધાની શું પરિસ્થિતિ જોવા મળે છે આજ જળાશયો,તળાવ અને વાવના પાણીને બગાડવામા આપણે પાછું વળીને જોતાં નથી. ઉલટાનું આપણી જે સંસ્કૃતિ હતી તેને આપણે વેરવિખેર કરી નાખી છે ને પાણીને પણ પીવા લાયક રહેવા દીધું નથી. હાલની આપણી પરંપરા આવી ચાલે છે.

ખાળકૂવા ગયાં અને ગટર આવી, નિયમિત રીતે છંટાતા પાણીથી ભીના થતા કાચા રસ્તા ગયાં અને પાકા રસ્તા આવ્યાં,માટલા ગયાં ને ફ્રિજ , બોટલો આવી.આમ આપણી જલ સંસ્કૃતિ વિસરાતી ગઇ,લોકો પાણીની પરબો બંધાવતા તે પણ ગઇ ને ટેન્કરો આવ્યાં ને તે પણ ગયાં ને પાણીની બોટલો ખરીદાતી થઇ,ભુગર્ભ જળનો બેફામ ઉપયોગ થવા લાગ્યો કોઇને એવો વિચાર પણ નથી આવતો કે બધા જ ઉદ્યોગપતિઓ ભેગા થઇને જો સંયુક્ત બેન્ક એકાઉન્ટ ખોલાવે ને એમાંથી માત્ર પૈસા ઉપાડતા જ રહે,કોઇ કશું તેમાં જમા કરાવે જ નહીં તો એ બેન્કના સંયુક્ત ખાતામાંથી ઉપાડી શકાય તેટલા નાણા ક્યાં સુધી રહે? ભુગર્ભ જળની આજે આવી જ અવદશા આપણે કરી મૂકી છે.

ભારત સરકારનું દરેક અંદાજપત્ર ચોમાસા પરનો એક જુગાર હોય છે,ભારતની ખેતી ચોમાસા આધારિત છે,વર્ષના ત્રીજા ભાગના દિવસોમાં આકાશમાંથી પાણી વરસે અથવા હિમવર્ષા થાય. એમાંથી જળાશયો સર્જાયાં. જળ ના હોત તો કોણ જીવત? એવી ઉક્તિ પ્રચલિત છે,આવી અદભુત સંસ્કૃતિ ભારતમાં અને ગુજરાતમાં પેદા થઇ જે આજે પણ જીવંત છે આજે પણ ઉપયોગી છે,આકાશમાંથી વરસતા બરફના પીગળતા,વહેતા ઝરણા, તળાવો, સરોવરો અને કૂવા–કુઇમાંના ભુગર્ભજળ જેવા સ્થાનિક સ્તરના જળસ્ત્રોતોની જાળવણી સપાટી પરના પાણીને એકઠું કરવું અને એનો ઉપયોગ કરવો એટલે જળસંગ્રહની પરંપરા. એનું નામ જ જળસંસ્કૃતિ. આની અંદર પમ્પ દ્વારા ઉલેચાતા ભુગર્ભજળનો સમાવેશ થતો નથી.

આમ આ સંસ્કૃતિને યાદ કરીને તેનો અમલ કરવાની જરૂર લાગે છે, તો જ આપણે આ સમસ્યામાંથી બહાર આવી શકીશું ખરું ને?

સૌજન્ય : અસ્તિત્વ બોધ

રીટા ચપલા
પીએલસી વોટસેન

## ખેત તલાવડીથી થયેલ લાભ

ભાવનગર તાલુકાના નવા રતનપર ગામની અંદર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વોટરશેડ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ. ઉત્થાન સંસ્થાના સહયોગથી અમારા ગામની વોટરશેડ કમિટિ દ્વારા જુદી–જુદી ખૂબ સરસ કામગીરી કરવામાં આવેલ છે. જેમાં અમારી વાડીની બાજુમાં ખેત તલાવડી બનાવવામાં આવી આ ખેત તલાવડીથી મને ખુબ મોટો ફાયદો થયો ને ૫૦ મણ ઘઉંનું ઉત્પાદન મળેલ ત્યારબાદ આ વર્ષના ચોમાસાની સીઝન પહેલાં અમે આ વાડીમાં દોઢ વીઘામાં કપાસની રોપણી કરેલ, આ વર્ષે દરમ્યાન બે વખત લાભ લીધેલ તેમજ હવે પછી પણ લાભ લેતા રહીશું.

લી.લાંભા ભીખુભાઇ મુળુભાઇ
નવા રતનપર

## ઉત્થાન સમાચાર :

- પડવા અને ભાવનગરમાં માહિતી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા. આ માહિતી કેન્દ્ર સરકારી યોજનાઓ અને સરકારી લાભો અંગેની માહિતી તેમજ જુદી જુદી કાયદાકીય અને શૈક્ષણિક માહિતીઓ પુરી પાડવાના હેતુથી કરવામાં આવેલ છે જેના દ્વારા ગામડાના લોકો સારી રીતે જે તે યોજનાઓ અને સેવાઓનો સમયસર લાભ લઇ શકે.
- અવાણીયા, માલપર, નવા રતનપર ગામમાં ૧૬ થી ૨૫ વર્ષની યુવતીઓ માટે (વેનલીડો) સ્વબચાવની તાલીમ આપવામાં આવી.
- નફીસાબહેન બારોટ ૨ ઓક્ટો. થી ૧૯ નવે. સુધી જુદા-જુદા જોડાણો માટે, પોતાના અનુભવની આપ-લે માટે અને ઓળખ ઊભી કરવા માટે અમેરીકા જઇ રહ્યા છે અને ૨૨ નવે. થી ગ્લોબલ વોટર પાર્ટનરશીપની સ્ટીયરીંગ કમિટિની બેઠકમાં ફિલીપાઇન્સ જઇ રહ્યા છે અને GWP ના સ્ટીયરીંગ કમિટિના સભ્યપદેતેમની નિમણુંક થતાં ટીમ વતી અભિનંદન.
- તા. ૩ થી ૧૪ સપ્ટેમ્બર ઇકો સેનીટેશન કેપેસીટી બીલ્ડીંગની એક તાલીમ નાસીક ખાતે યોજાઇ હતી જેમાં શ્રી. પ્રવિણભાઇ ભીકડીયા અને બાબુભાઇ પ્રજાપતિએ ભાગ લીધેલ તેઓ નવા વિચારને આગળ લઇ જવાના પ્રયત્નો કરશે.
- પાણી સમિતિના બે સંમેલન કરવામાં આવેલ જેમાં તળાજા અને મહુવા બે તાલુકાના પાણી સમિતિના ૫૫૦ જેટલા લોકોએ ભાગ લીધો. આ વિસ્તારમાં સ્વજલધારા યોજનાને આગળ લઇ જવાની જવાબદારી સ્વીકારી.
- પીસ એન્ડ જસ્ટીસ કાર્યક્રમ દ્વારા તા.૬/૯/૦૭ થી ૮/૯/૦૭ ત્રણ દિવસ ભાવનગર જિલ્લાના તળાજા, ઘોઘા, મહુવા અને ભાવનગર તાલુકાના ૧૦ ગામોના અનહદ સંસ્થા-યુથ કારવા ઝુંબેશમાના માધ્યમથી સાચી લોકશાહી શું અને વાઇબ્રન્ટ ગુજરાતની પોલ વિશે નુક્કડ નાટક દ્વારા સમજ આપવામાં આવી.
- ભાવનગર સમર્થન મહિલા મહાસંગઠનની ન્યાયસમિતિના માર્ગદર્શન- ટેકા હેઠળ કંટાળા ગામની સગીરા ઉપર પિત્રાઇ ભાઇએ બળાત્કાર ગુજાર્યો. આ ગુન્હા હેઠળ પિત્રાઇ ભાઇને દસ વર્ષની સખ્ત સજા અને ૧૦૦૦ દંડની સજા કરવામાં આવી છે. આ ન્યાય સમિતિ બહેનો ઉપર થતી હિંસાને અટકાવવા અને માર્ગદર્શન આપી ન્યાય અપાવવાનું કાર્ય કરી રહી છે. આ ન્યાય સમિતિની સક્રિયતા બિરદાવવા લાયક છે.

### આટલુ તો મગજ કસો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | | ◎ | ૨ | ૩ | | |
| ◎ | ◎ | ૪ | ◎ | | ◎ | ◎ |
| ૫ | ૬ ◎ | | ૭ | | | ૮ |
| ◎ | ૯ | | | | ◎ | |
| ૧૦ | | ◎ | | ◎ | ◎ | |
| | ◎ | ◎ | ◎ | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | | ◎ | ૧૪ | | ◎ |

આટલુ તો મગજ કસો

**આડી ચાવી :**

૧. પાણી સમિતિ / બચત મંડળી ના ખાતા....માં ખોલાય છે. (૨)
૨. લોકફાળો લોકો રોકડ તથા....થી આપી શકે છે. (૪)
૫. પાણી સમિતિને તાલીમ આપવાનું કામ સ્વૈચ્છિક....કરે છે. (૨)
૭. આ યોજનામાંથી ગ્રામપંચાયતને પ્રોત્સાહનરૂપે નાણાં અપાય છે.
૯. પાણીસમિતિની મીટીંગ........થવી જોઇએ. (૪)
૧૦. પીવાના પાણી પર બધા જ લોકોનો સમાન.....છે. (૨)
૧૧. અહીં 'રચના' આડુઅવળું થયું છે. (૩)
૧૩. પંચાયતના દાખલા....મંત્રી કાઢી આપે. (૩)
૧૪. 'સમરસ' માંથી ગમે તે બે શબ્દ(૨)

**ઉભી ચાવી :**

૩. લોકફાળો...અને જાળવણી માટે એકઠો કરાય છે. (૪)
૪. પાણી, જળ(૧)
૬. પીવાના પાણીના....સ્ત્રોતોને મજબુત કરવા જોઇએ. (૩)
૭. પાણી માટે કામ કરતા લોકોની ટુકડી : પાણી-......(૩)
૮. ગ્રામ પંચાયતના વડાને શું કહેવાય?(૪)
૧૦. પાણીના....સ્ત્રોતોની જાળવણી કરવી જોઇએ. (૩)
૧૧. પાણી સમિતિમાં......ધરાવતા લોકો રાખવા. (૨)
૧૨. બેંકના ખાતામાં ૧ બહેનનું....ફરજીયાત છે. (૨)

**જળનું જે દિન મૂલ સમજાશે, કૂવા નદીયું ફરી ઉભરાશે**

**PRINTED MATTER**

પ્રતિ શ્રી,

---

સંપાદક ટુકડી :
પ્રવિણ ભીકડીયા, નીતા પટણી, જયા રાઠોડ, રીટા ચપલા, સાજેદા સીસોલી

સંકલન ટીમ :
દીપ્તિ અંધારીયા, મુસ્તાક ડેરૈયા, અલ્પેશ રાજ્યગુરૂ

પ્રકાશક :
ઉત્થાન
લોક શિક્ષણ કેન્દ્ર - પાણી અને સ્વચ્છતા
(પી.એલ.સી.વોટસેન)
સી-૧૧૫૭, મનુરાજા ચમારડી વાળા,
એસ.બી.એસ. સામે,
કાળીયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૨.
ફોન / ફેક્સ : ૦૨૭૮-૨૫૭૩૦૬૧
e-mail : plcwatsan@dataone.in , plc_watsan@rediffmail.com
visit us on : www.plcwatsanutthan.org